# પ્રસાર ભારતી
# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 15-05-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ હવામાન વિભાગની રાજ્યમાં હજુ બે દિવસ વરસાદની આગાહી. ગરમીનો પારો ફરી 43 ડિગ્રી સુધી પહોંચ્યો.
- ✓ અમદાવાદ અને આગ્રા કેન્ટ વચ્ચે વિશેષ ભાડા પર ત્રિ-સાપ્તાહિક 'ઉનાળું વિશેષ ટ્રેન' ચલાવાશે.
- ✓ ચારધામ યાત્રામાં અટવાયેલા ગુજરાતના યાત્રિકોની સરળ યાત્રા માટે રાજ્ય સરકારના પ્રયાસો સફળ.
- ✓ પોઇચામાં નર્મદા નદીમાં આઠ લોકો ડુબ્યા. સાત લોકોની શોધખોળ યથાવત્ એકનો બચાવ.
- ✓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બૉર્ડે ધોરણ નવ માટે લીધેલી પ્રખરતા શોધ કસોટીમાં ભાવનગરની વિદ્યાર્થિનીએ રાજ્યભરમાં મેળવ્યો પ્રથમ ક્રમાક.
- ✓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે ધોરણ 12 વિજ્ઞાનપ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પૂરક પરીક્ષા માટે અરજીઓ મંગાવી.

## Weather

રાજ્યમાં સોમવારે કેટલીક જગ્યાએ કમોસમી વરસાદ વરસ્યો હતો, જેના કારણે ગરમીમાં આંશિક રાહત મળી હતી.

જોકે, છેલ્લા 24 કલાકમાં ગરમીમાં ફરી વધારો થયો છે. રાજ્યનું સૌથી વધુ 43 ડિગ્રી સેલ્સિયસ તાપમાન બનાસકાંઠાના ડીસામાં નોંધાયું હતું. જ્યારે રાજકોટ,

સુરેન્દ્રનગર, ગાંધીનગર, અમદાવાદમાં 42 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. ઉપરાંત કચ્છના ભુજ, વલ્લભવિદ્યાનગર, કંડલામાં 40 ડિગ્રી તો અન્ય જિલ્લાઓમાં 40 ડિગ્રીથી ઓછું તાપમાન નોંધાયું હતું.

રાજ્યમાં વરસેલા ભારે વરસાદ બાદ હવામાન વિભાગે હજી બે દિવસ કેટલાંક સ્થળોએ છુટાછવાયા વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં છુટાછવાયા વરસાદની શક્યતા છે. જ્યારે રાજ્યના અન્ય વિસ્તારોમાં હવામાન સુકુ રહેશે.. જ્યારે આવતીકાલે રાજકોટ, અમરેલી અને ગીર સોમનાથ જીલ્લાઓમાં અને દક્ષિણ ગુજરાતમાં પણ છુટોછવાયા વરસાદની સંભાવના છે.. જ્યારે સત્તર મેએ ડાંગ, નવસારી, વલસાડ અને દાદરાનગર હવેલીમાં વરસાદની શક્યતા છે..

.................

## VALSAD SURVY

વલસાડના તિથલ દરિયા કિનારે એકાએક વાવાઝોડુ આવતા  દોડધામ મચી ગઇ હતી.

પવન એટલો જોરદાર ફૂંકાયો હતો કે દરિયાકિનારે લાગેલા સ્ટોલમાં રહેલો સમાન વેરવિખેર થઈ ગયો હતો.. તિથલ દરિયા કિનારા આવેલા સહેલાણીઓમાં પણ દોડધામ મચી ગઇ હતી. અગાઉ પણ વલસાડમાં ભારે વરસાદને કારણે વ્યાપક નુકસાન થયું હતું..

દરમિયાન, વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા કેટલાક ગામોમાં ભારે પવન સાથે કમોસમી વરસાદ પડ્યો હતો. જ્યારે અંતરિયાળ વિસ્તારમાં આવેલા ગામોમાં ચાલતી આંગણવાડી સહિતના વિસ્તારોને નુકશાન પહોંચ્યું હતું. જીલ્લાની ડિઝાસ્ટર ટીમને ઘટનાની જાણ થતાં વિવિધ ગામડાંઓમાં સરવે માટે ટીમ મોકલાવી નુક્શાનીના સરવેની કામગીરી હાથ ધરી હતી. આ સરવે પૂર્ણ થયા બાદ તારણ કાઢવામાં આવશે તેવી માહિતી  ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના મામલતદારે આપી હતી.

તો તાપીના નિઝરમાં વ્યાવલ ગામે એક તૂટી પડેલા વીજપોલનું સમારકામ કરવા માટે ગયેલા કર્મચારીને કરંટ લાગતા મોત નિપજ્યું હતું.

.................

## AHMEDABAD TO AGRA SPECIAL TRAIN

પ્રવાસીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખી રેલવે તંત્રએ અમદાવાદ અને આગ્રા કેન્ટ વચ્ચે વિશેષ ભાડા પર ત્રિ-સાપ્તાહિક 'ઉનાળું વિશેષ ટ્રેન' ચલાવવાનો નિર્ણય કર્યો છે.

અમદાવાદ-આગ્રા કેન્ટ વિશેષ ટ્રેન આગામી 17 મેથી 30 જૂન સુધી દર બુધવાર, શુક્રવાર અને રવિવારે અમદાવાદથી સાંજે સાડા 5 વાગ્યે ઉપડશે. જ્યારે બીજા દિવસે સવારે 9 વાગ્યે ને 50 મિનિટે આગ્રા કેન્ટ પહોંચશે.

આગ્રા કેન્ટ–અમદાવાદ વિશેષ 16 મેથી 29 જૂન સુધી દર મંગળવાર, ગુરૂવાર અને શનિવારે આગ્રા કેન્ટથી રાત્રે સાડા અગિયાર વાગ્યે ઉપડશે અને બીજા દિવસે બપોરે અઢી વાગ્યે અમદાવાદ પહોંચશે.

આ રૂટ પર બંને દિશામાં આ ટ્રેન આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, રૂપબાસ અને ફતેહપુરસિકરી રેલવેમથક પર ઊભી રહેશે. આ ટ્રેનમાં સેકન્ડ એસીનો એક કોચ, થર્ડ એસીના પાંચ કોચ અને સામાન્ય વર્ગના 14 કોચ હશે. અમદાવાદ-આગ્રા કેન્ટ-અમદાવાદ સુપરફાસ્ટ વિશેષ ટ્રેનનું બુકિંગ આજથી પેસેન્જર રિઝર્વેશન સેન્ટર્સ અને I.R.C.T.C. વેબસાઈટ પર ખૂલશે. ઉપરાંત ટ્રેનના સમય સહિતની વિગતવાર માહિતી માટે પ્રવાસીઓ www.enquiry.indianrail.gov.in વેબસાઈટ પર જોઈ શકશે.

.................

## CHARDHAM YATRA

ચારધામ યાત્રાના પ્રારંભે જ ગંગોત્રી-યમનોત્રીમાં યાત્રિકોના અભૂતપૂર્વ ધસારામાં રાજ્યના કેટલાક યાત્રિકોને પણ અસર થઈ છે.

આવા યાત્રિકોને સરળતાથી માર્ગ મળે તે માટે રાજ્ય સરકારના પ્રયાસોને સફળતા મળી છે. રાજ્યના કેટલાક યાત્રાળુઓના વાહનો ભીડમાં અટવાઈ ગયા હોવાની માહિતી મળતાં જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભે યોગ્ય વ્યવસ્થા કરવા કાર્યકારી મુખ્ય સચિવ સુનયના તોમરને સૂચનાઓ આપી હતી.

કાર્યકારી મુખ્ય સચિવશ્રીએ ઉત્તરાખંડ રાજ્ય સરકારનો સંપર્ક સાધી યાત્રા માર્ગમાં અટવાયેલા ગુજરાતી યાત્રિકોને સરળતાએ માર્ગ કાઢીને આગળની યાત્રા માટે પ્રસ્થાનની જરૂરી વ્યવસ્થાઓ કરવા અંગે સંવાદ કર્યો હતો. સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટર પણ આ અંગે જરૂરી સંકલનમાં રહ્યું હતું.

ઉત્તરાખંડ સરકારના વહીવટી તંત્રએ રાજ્યના યાત્રાળુઓ માટે યોગ્ય જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા પણ વ્યવસ્થા હાથ ધરી છે. એટલું જ નહીં, ચારધામ યાત્રાએ ગયેલા આ યાત્રિકોએ યમનોત્રી-ગંગોત્રીથી આગળની યાત્રા માટે પ્રસ્થાનની શરૂઆત પણ કરી દીધી છે.

.................

## POICHA TREGEDY

નર્મદા જિલ્લાના પોઇચામાં નર્મદા નદીમાં આઠ લોકો ડુબ્યા હતા.. સુરતથી પોઇચા આવેલા 17 લોકો નદીમાં ન્હાવા ગયા હતા.

નદીમાંથી બહાર આવતાં સમયે ત્રણ બાળકો સહિત આઠ લોકો ડૂબ્યા હતા.. આમાંથી એક વ્યક્તિને સ્થાનિક યુવાનોએ બચાવી લીધો હતો. .જોકે હજી પણ સાત લોકોની શોધખોળ ચાલી રહી છે.

આ ઘટનાની જાણ થતાં જ પોલીસ, અગ્નીશામક દળના જવાનો NDRFની ટીમ બચાવ કામગીરી માટે પોઇચા પહોંચી આવી હતી.. આ તમામ લોકો અમરેલીના વતની હતા અને સુરતમાં હીરા ઘસવાનું કામ કરી રહ્યાં હતા..

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.................

## Diploma Admission Seminar

રાજ્યમાં ધોરણ 10 પછીના ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશને લઈને માર્ગદર્શન કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

પંચમહાલથી અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત માહિતી આપે છે કે , ગોધરા સરકારી પોલિટેકનિક કોલેજ ખાતે આગામી 17 મે તથા 07મી જૂનના રોજ માર્ગદર્શન સેમિનાર યોજાશે. જેમાં ધોરણ 10 પછીના પ્રથમ વર્ષ અને સી.ટુ.ડી બીજા વર્ષ ડીપ્લોમા અભ્યાસક્રમમાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાની માહિતી આપવામાં આવશે.

આગામી 18મી તારીખે સુરતના  અઠવા ગેટની સરકારી ગર્લ્સ પોલિટેકનિક કોલેજમાં આગામી વર્ષના ડિપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા માટેનો માર્ગદર્શન કાર્યક્રમ યોજાશે.

અમારા પાટણના પ્રતિનિધિ જણાવે છે કે  કે.ડી.પોલિટેકનીક, પાટણ ખાતે ધોરણ 10 પછી ડીપ્લોમા ઇજનેરીના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેનો માર્ગદર્શન સેમીનાર આવતીકાલે સવારે 11.00 કલાકે યોજાશે.

.................

## PRAKHAR SHODH KASOTI

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બૉર્ડ દ્વારા આ ફેબ્રુઆરી મહિનામાં લેવાયેલી ધોરણ નવ માટેની પ્રખરતા શોધ કસોટીનું પરિણામ સોમવારે જાહેર કરવામાં આવ્યું હતું.

આ કસોટીમાં ભાવનગરની ગણેશ શાળાની વિદ્યાર્થિની નિશા કોતરે સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આ કસોટીમાં રાજ્યના 1 હજાર 2 વિદ્યાર્થીઓ શિષ્યવૃતિ માટે પસંદગી પામ્યા છે, જે પૈકી ગણેશ શાળા ટીમાણાના કુલ 48 બાળકો પસંદગી પામ્યા છે. આમ, ગુજરાત રાજ્યમાં પ્રથમ ક્રમાંકની સાથોસાથ 48 બાળકોની પસંદગી સાથે ગણેશ શાળા - ટીમાણા સમગ્ર રાજ્યમાં અગ્રેસર રહી હતી.

.................

## 12 Science Marksheet

રાજયની શાળાઓમાંથી આગામી 17મી મે થી ધો-12 વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટ 2024 પરીક્ષાના પરિણામની માર્કશીટ, એસ.આર. અને પ્રમાણપત્રો મેળવી શકાશે.

ગુજરાત બોર્ડ સિવાય અન્ય બોર્ડના ઉમેદવારોની ગુજકેટ 2024 પરીક્ષાની માર્કશીટ ટપાલ મારફતે મોકલી આપવામાં આવશે.

.................

## GSEB Exam

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 12 વિજ્ઞાનપ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પૂરક પરીક્ષા માટે અરજીઓ મંગાવવામાં આવી રહી છે.

પરીક્ષા માટેની અરજી તથા ફી ભરવાની કામગીરી આગામી 21 મે સાંજના છ વાગ્યા સુધી ઓનલાઈન કરી શકાશે.

બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં લેવાયેલી ધોરણ 12 વિજ્ઞાનપ્રવાહની પરીક્ષામાં જે વિદ્યાર્થીઓ એક કે તેથી વધુ વિષયોમાં ગેરહાજર રહ્યા હોય અથવા નાપાસ થયા હોય તેઓ ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પૂરક પરીક્ષા આપી શકે છે.

વધુ માહિતી બોર્ડની વેબસાઈટ www.gseb.org પર લોગ ઇન કરી જોઈ શકાશે.

.................

## TAPI SHRAMIK MOT

તાપીમાં સોનગઢ તાલુકાના ગોલન ગામમાં નવનિર્મિત પાણીની ટાંકીનો કેટલોક ભાગ ધરાશાયી થતાં એક શ્રમિકે જીવ ગુમાવ્યો હતો.

ગામમાં પાણી-પૂરવઠા વિભાગ હસ્તક પૂર્વ સોનગઢ પેકેજ ત્રણ યોજના અંતર્ગત 18 મીટર ઊંચી ટાંકીનું કામ ચાલી રહ્યું હતું. તે દરમિયાન અચાનક ટાંકીનો નીચેનો ભાગ ધરાશાયી થતાં એક શ્રમિકે જીવ ગુમાવ્યો હતો. જ્યારે અન્ય ત્રણ ઈજાગ્રસ્ત શ્રમિકોને સુબીરની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

.................

## NAVSARI KERI

નવસારીના વાંસદા ખાતે આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ બજારમાં કેરીની ખરીદી અને વેચાણનો પ્રારંભ થયો છે.

પહેલાં દિવસે હરાજી માં એક મણ  હાફૂસ કેરીના એક હજાર 750 રૂપિયા, તોતાપુરીના 550, રાજાપુરી 600 રૂપિયા અને કેસર કેરીના એક હજાર 170 રૂપિયાના ભાવ બોલાયા હતા. કેરીનાં સારા ભાવ મળતા ખેડૂતોમાં ખુશીની લાગણી છવાઈ ગઈ હતી  .

.................

## Semior Athletics Comeetition

ઓડિશામાં ચાલી રહેલી 27મી નેશનલ ફેડરેશન સિનિયર એથ્લેટિક્સ સ્પર્ધામાં રાજ્યના બે ખેલાડીઓએ કાંસ્ય ચંદ્રક જીત્યા છે.

સ્પર્ધામાં દિવ્યાનીબા ઝાલાએ 200 મીટર દોડમાં અને ધવલ ઉમેકરે 400 મીટર હર્ડલ્સ દોડમાં કાંસ્ય ચંદ્રક જીત્યા છે.

.................